# આમુખ

પૂ.શ્રી રંગ અવધૂત મહારાજશ્રી ભજન ઉપર ખૂબ ભાર મૂકતા. બને તો રોજ, નહીં તો ગુરુવારે (કે એકાદ પસંદગીના વારે) ઘરનાં ભેગાં થઈ નિયમિત પ્રભુભજન કરે એવો એમનો આગ્રહ. છેવટે પાંચ ભજનો પણ જેવાં આવડે તેવાં રાત્રે ગાય. ભજનમાં ભાવ અગત્યનો, રાગ નહીં, અને એમાંથી જન્મી દત્તપંચપદી. આજે પણ અવધૂત પરિવારના ભક્તો એ પંચપદી કરી ભજનાનંદ લૂંટે છે. કેટલાક ગામો તો નિયમિત બુધવારે સાંજે નારેશ્વર જઈ ગુરુવારની ભજનવારી ભરે છે.

ભજન એટલા સારુ કરવાનાં કે આપણી પડખે જગતનો નાથ છે, એવી આપણામાં શ્રદ્ધા પ્રગટે, અને એકવાર શ્રદ્ધા પ્રગટે કે પછી જયવારો જ છે. આ શ્રદ્ધા કોઈને ઉછીની કે આપેલી મળતી કે ફળતી નથી. એ અંદરથી પ્રગટાવવાની હોય છે. નિયમિત પ્રભુનું ભજન કરવાથી જ એ પ્રગટે છે. પૂ.શ્રીએ એવાં ઘણાં ભજનો લખ્યાં છે જેમાં સૂચિત કર્યું છે કે અતુલ્ય ને સૌથી મોટો આધાર કેવળ હરિના નામનો જ છે. તેથી જ **સ્મરી લે પ્રતિશ્વાસ હે ચિત્ત દત્ત** એવું સૂત્ર તેમણે આપ્યું છે જે મૂળ સંસ્કૃતમાં છેઃ **શ્વાસે શ્વાસે દત્તનામ સ્મરાત્મન્ ।**

આ ભજન ગાવાની વાત સ્થૂળ અર્થમાં છે. એમ કરતાં કરતાં સૂક્ષ્મ રીતે ભજન એટલે પ્રભુનું ધ્યાન એ તરફ જવાય છે. અને ધીરે ધીરે આધ્યાત્મિક પ્રગતિને પંથે જવાય છે.

આ સંગ્રહના ભજનો મૂળ પૂ.શ્રી રચિત બૃહદ ભજન સંગ્રહ **'અવધૂતી આનંદ'**માંથી લેવાયાં છે. એનું ચયન પૂ.ભાઈએ કર્યું છે. પૂ.પ્રેમ અવધૂતજીનો બીજો પર્યાય સેવા છે. અને ભજનાદિ ગાતાં ગાતાં એ પૂ.શ્રીની સેવામાં લીન થઈ ગયા. એક સેવાતણી ઉપવાસી રે એ ભજન કંડિકા વિશેષ અર્થમાં એમના જીવનમાં વણાઈ ગયેલી જોવા મળે છે. ઉપવાસ એટલે ખાધા વિના રહેવું એવું જ નહિ. ગુરુની ઉપ-સમીપે વાસ કરીને સેવા

# સંપાદકના બે બોલ

ભગવાન રંગાવધૂતજીની સ્વૈરવાણીરૂપ "અવધૂતી આનંદ ' નામનું ભજનનું પુસ્તક શ્રીરંગ પરિવારમાં જાણીતું છે. આ પુસ્તકમાં પ્રભાતિયાં ઉપરાંત ભજનની સાથે હાલરડાં, ગરબી, દત્તનામ સ્મરણ વગેરે ઘણું ઘણું છે.

રાત્રિના સમયે પરિવારમાં ભજનો ગાવાનો પ્રઘાત છે.એ ધ્યાનમાં રાખીને વારંવાર ગવાતા ભજનોનું એક નાનકડું પુસ્તક મોટા અક્ષરે છપાવવાની ભાવના થઇ. ભજનિકને પાનું ઉથલાવવું ન પડે એ રીતે અને ભાવો અનુસાર ભજનોની ગોઠવણી કરી છે, જેથી અમુક પ્રસંગને - અનુરૂપ ભજનો એક સાથે જ આવે.

ભજનોની વર્ણાનુક્રમણિકાની સાથે સાથે જે ભજનોના રાગ જણાવ્યા છે તેનું વર્ગીકરણ પણ આપ્યું છે, જે શાસ્ત્રીય સંગીતના રસિકો માટે ઉપકારક નિવડશે. જો કે એક જ ભજનને જુદા જુદા રાગમાં પણ ગાઇ શકાતા હોય છે.

ભજન કરનાર અને તેમાં પણ વાદ્ય વગાડીને ભજન ગવડાવનારની સરળતા સભાનપણે વિચારી છે.

પૂ.શ્રીએ ભજનમાં ભાવને જ મહત્ત્વ આપ્યું છે. ભાવ વિનાની ભક્તિ દંભ છે. અને ભાવ વિનાનું ભજન એ ભૂખ વગરની ભાખરી જેવું વ્યર્થ છે. આમ છતાં ભાવ સાથે રાગ, લય વગેરેને જાળવી વ્યવસ્થિત રીતે ભજન થાય એના પૂ.શ્રી હિમાયતી છે.

આ પુસ્તિકામાં ૧૦૮ ભજનોનો સમાવેશ થયો હોવાથી એનું 'ભજનમાલા' નામ યોગ્ય જણાયું છે. પરિશિષ્ટમાં દત્તબાવની, દત્તદશક, વંદના, આરતી, યાચના વગેરે ઉમેર્યું છે. આશા છે કે આ પ્રયત્નને ભક્તજનો આવકારશે અને અમારો ઉત્સાહ વધારશે.

પૂ.શ્રીના ચરણકમળમાં અનેકાનેક વંદન કરીને વિરમું છું.

**કુલીન ઉપાધ્યાય**

## વર્ણાનુક્રમણિકા


ભજન ........................................પાના નં.

૧ અનસૂયા મા ! ના ઠરવા દે ........................................ ૫૮

૨ અનુપમ હીરલો, પાયો બાબા ! ........................................ ૫૩

૩ અબ ખૂબ હંસો, અબ ખૂબ હંસો. ........................................ ૩૮

૪ અબ ગુન ન મોરે પ્રભુ દેખો રે. ........................................ ૬

૫ અબ મૈં કહા જાઉં શરણ ચરણ. ........................................ ૬૪

૬ અવધૂત દેખ લો, જેથી જન્મ મરણ ........................................ ૨૫

૭ આ ગયા મુકામ અસલી, બાબા ! ........................................ ૩૭

૮ આજ હમારી જીવન નૌકા ........................................ ૩૦

૯ આજે સુણી ચમનમેં, મોહન તિહારી બંસી ........................................ ૫૪

૧૦ આતમ જાન લીયો મૂલ હી સે ........................................ ૬૧

૧૧ આન પડા નાથ! દર પે ........................................ (ટાઈટલ પેજ)

૧૨ આવો આવો દયાળ, સ્વામી દત્ત કૃપાળ ........................................ ૪

૧૩ આવો જો સંતો તો વાતો બે કરીએ. ........................................ ૧૮

૧૪ આવો હરિજન હેતે રામને સંભારો. ........................................ ૧૨

૧૫ એક અગોચર બ્રહ્મપ્રકાશે. ........................................ ૨૬

૧૬ એક દિગંબર દેખા અવધૂ ! ........................................ ૧

૧૭ એવો દિ' દેખાડ વ્હાલા ........................................ ૮

૧૮ ઔષધિ કૌન પિલાવે ? ........................................ ૯

૧૯ કરની બીન કથનીકી કીમત ........................................ ૫૦

૨૦ કરે નિજ દાન જો સોઇ. ........................................ ૫૭

૨૧ કહે દિવાના મુજકો યે દુનિયા. ........................................ ૫૭

૨૨ ગાઓ ગાઓ રે આજે ગુરુજીનો ગરબો. ........................................ ૪૧

૨૩ ગાજે અતિશે ઘેરો, અંતરનાદ અનેરો. ........................................ ૫૯

૨૪ ગાયતિ રેવા રવ મધુરમ્. ........................................ ૭૯

૨૫ ગીતા અજબ પઢાયા રે. ........................................ ૮

૨૬ ગુરુકૃપાહિ કેવલમ્. ........................................ (ટાઈટલ પેજ)

૨૭ ગુરુ ગુરુ કરતાં આ જાઓ મારા પ્રાણ. ........................................ ૩૦

૨૮ ગુરુ ઘર આવ્યા, વિઘ્નો સહુ દૂર સિધાવ્યાં. ........................................ ૪

૨૯ ગુરુ ચરન પ્રીત મોરી લાગી રે.................................... ૨
૩૦ ગુરુ દત્ત દિગંબર તવ શરણમ્. .................................... ૫
૩૧ ગુરુદેવ દત્ત દયાળ સ્વામી.......................................... ૭૪
૩૨ ઘનઘોર વ્યોમ અજ છાયો........................................... ૫૫
૩૩ ઘરની ઘરની ઘરની રે, મૂળ શોધ કરો. ........................... ૪૭
૩૪ ઘાડી ઔદુંબરની છાંય.............................................. ૫૨
૩૫ ચલો સખીરી પિયા મિલનકો........................................ ૬૨
૩૬ ચૌદ બ્રહ્માંડ મેરી ઝોલી મેં........................................ ૫૧
૩૭ છેડ મા, છેડ મા, છેડ મા રે....................................... ૪૬
૩૮ જપી લે હરિનું નામ રસાળ........................................ ૧૪
૩૯ (જય જય) ગુરુ મહરાજ ગુરુ....................................... ૩
૪૦ જયદેવ! જયદેવ !જય પાંડુરંગ સ્વામી (આરતી) .................. ૭૨
૪૧ જય યોગીશ્વર દત્ત દયાળ (દત્તબાવની)............................ ૬૯
૪૨ જીવતાં દેખલો, માંહે જીવન જ્યોત અલખ......................... ૬૬
૪૩ જે જાયું તે જાય, જગતમાં જે જાયું તે જાય. ..................... ૨૨
૪૪ જેના દિલમાં દીનની દાઝ નથી..................................... ૧૦
૪૫ જેને જ્ઞાન નિરામય બૂટી જડી. .................................... ૧૦
૪૬ જો આપકો દેખે ન ઉસકો દૂસરા ................................... ૬૩
૪૭ જ્યારે પતન થશે આ દેહનું......................................... ૬૮
૪૮ ઠેરન દે દિન ચાર.................................................... ૩૦
૪૯ ડાચું શું દર્પણ દેખે રે, મૂરખ પ્રાણી.............................. ૨૦
૫૦ ઢુંઢત દેખા જગતમેં, સાર વસ્તુ...(દત્તાષ્ટક) ...................... ૩૩
૫૧ તપસી છોડ દિયા સંસાર ............................................ ૨૭
૫૦ તીરથ કહાં જાના મેરે ભાઈ......................................... ૪૪
૫૧ તું તો દત્ત દિગંબર ભજને રે........................................ ૪૩
૫૨ તું....હું તું....હું કોયલડી પોકાર.................................... ૪૪
૫૩ તોડી દિવાલો મહેલની બેઠા જઈ મેદાનમાં ........................ ૩૯
૫૪ થયો આનંદ, દીઠો સચ્ચિત્સુખકંદ ................................ ૬૩
૫૫ દત્ત દત્ત બોલો, આનંદ મસ્ત ડોલો ................................ ૫
૫૬ દત્ત દિગંબર એક અધારા, યહ બીન. ............................. ૧

૮૬ મારાં મનમંદિરિયાં માંહ્ય, આજે આનંદ આનંદ .................. ૧૫
૮૭ મારા હૈયા કેરો હાર, દત્ત એક અવધૂત .................. ૨૩
૮૮ મુખસે હરિ હરિ બોલ, પાપીડા પ્રાણી .................. ૬૫
૮૯ મેરો દત્ત દિગંબર એક હિ તારનહાર .................. ૧
૯૦ મૈં તો દત્ત દિગંબર ધ્યાઉં .................. ૨
૯૧ મૈંતો બેઠા ગુરુપદ પાસ, ચિંતા અબ કાહે ? .................. ૭
૯૨ મૈં દિવાની દિવાની હક ઘરકી પ્યાસી. .................. ૬૦
૯૩ મોહે દત્ત દરસકી આસ ! કોઇ મિલાવો રે !! .................. ૨૯
૯૪ રમે રામ સહુ ઘટ વિષે, રહીમ દયાઘન એ જ .................. ૩૪
૯૫ રે મન! મસ્ત સદા દિલ રહેના .................. ૧૫
૯૬ વગડામાં વાસ શીદ કીધો, ઓ નાથ ! .................. ૨૩
૯૭ વડલા હેઠે બાવો રે, ટાઢી ટાઢી ધૂણી તપે .................. ૪૯
૯૮ વન વડલાની શીતળ છાયા, જોગી જંગલ વસતો રે. .................. ૫૬
૯૯ વંદનઃ માલાકમંડલુરધઃ કરપદ્મયુગ્મે .................. ૭૮
૧૦૦ વંદના .................. ૭૪
૧૦૧ વંદુ દત્તપદાંબુજ સાર .................. ૭
૧૦૨ વાંચ વાંચ વિશ્વગ્રંથ, વાંચવા જો ચાહના .................. ૪૬
૧૦૩ વાહ ફકીરી કૌન અમીરી ! દાસી તેરે ચરણોમેં .................. ૨૮
૧૦૪ શૂન્ય શિખર પર ચઢી, નિહાળ્યો. .................. ૬૦
૧૦૫ સદા ભજો ગુરુદેવ, ગુરુ બિન નાહીં કોઇ અપના .................. ૬
૧૦૬ સંતો વેરાગી ! ખાઓ અવધૂતી ખીચડી. .................. ૪૫
૧૦૭ સૂતો શું તાણીને સોડ ? આખર ઉડશે સઘળા કોડ ! .................. ૪૭
૧૦૮ સુનેરી મૈંને હરિ મુરલીકી તાન .................. ૫૯
૧૦૯ હમ કૃષ્ણ કૃષ્ણ કહ ગાયેંગે .................. ૬૨
૧૧૦ હરિજન આવો રે, હેતે હરિરસ પીવા .................. ૧૯
૧૧૧ હરિજન આવો રે, હેતથી ધરીએ હરિનું ધ્યાન .................. ૧૮
૧૧૨ હરિના નામનો સૌથી મોટો છે આધાર .................. ૧૩
૧૧૩ હરિ હરિ ગાતાં રે, હરિજન હરિ થયાં .................. ૨૦
૧૧૪ હું તો માંગણ ગુરુઘરદાસી રે. .................. ૪૨
૧૧૫ હું ભિખારી ભિખારી ગુરુઘરની દાસી. .................. ૬૭
૧૧૬ હું મૂરખ નાદાન સંતો. .................. ૩૨

## દત્તદશક

ભવભયહારક શ્રીહરિ, પ્રણમું વારંવાર,
જન્મમરણ ટાળી વિભો, કરો શીઘ્ર ભવપાર. ૧

રેવાતટવાસી નમું, વાસુદેવ યતિરાય,
મદનમનોહર મૂર્તિ શી! લાગું પુનિ પુનિ પાય. ૨

નાના રૂપે તું વસે, નાના નામે એક,
ભક્તજનોને કારણે ધારે વિધ વિધ ભેખ. ૩

જન્મ્યું ન્હોતું આ કશું, હતો ત્યાહરે તું જ,
રે'શે ના આ તો ય તું હોઈશ સચ્ચિત્‌પુંજ. ૪

મન બાંધે મન છોડવે, રચ્યું મને આ સર્વ,
'નાના નેહ' કથે શ્રુતિ, એક અનેકે શર્વ. ૫

દત્ત કહે કોઈ તને, રામ કૃષ્ણ વળી કોક,
દિનમણિ શિવ શક્ત્યાદિ તું, નામરૂપ સહુ ફોક! ૬

ગંગા જમુના સરસ્વતી ભિન્નનામ જે છેક,
બહુરૂપી બહુનામમાં જળરૂપે સહુ એક. ૭

રસના નામ ભલે રટે, ચિત્ત લક્ષ્યમાં હોય,
ભવે ભાવથી ભવ મળે, ભક્ત સ્વયં ભવ હોય. ૮

જન્મમરણ તેને નહિ, સ્વયં જનાર્દન એહ,
રેવા સાગરમાં ભળ્યે, રહે ભિન્ન ક્યાં તેહ? ૯

મહાતપસ્વી યોગીઓ, ભેદે ગોથાં ખાય,
નાનાત્મૈક્યજ્ઞાનથી રંગ પાર થઈ જાય. ૧૦

દત્ત દશક આ જે પઢે, રાખી લક્ષ્યમાં ધ્યાન,
દત્ત કૃપાએ પર થઈ, પામે નર નિર્વાણ. ૧૧

આ ભજનમાં 'ભજરે મના, ભજરે મના, દત્ત દિગંબર ભજરે મના' ધૂન ગૂંથી લેવામાં આવી છે.

# ભજન વિષે

- જેવું જેનું આચરણ, તેવું થાય સ્મરણ,
  માટે ચેતી પ્રથમથી, કરવું સદા ભજન.
- લગાડ લગની ભજનની, જગાડ આત્મવિવેક,
  ભગાડ ભેદો, જે થકી થાઉં અસંગ છેક.
- સ્મરણં સ્વસ્વરૂપસ્ય હ્યખણ્ડૈકાત્મના તુ યત્ ।
  તદેકં ભજનં પ્રોક્તં જન્મમૃત્યુજરાપહા ।।
- અખંડ એક ચિત્તથી સ્વસ્વરૂપનું ચિંતન કરવું એને જ (જ્ઞાનીઓએ) ભજન કહ્યું છે, અને એ જ એક જન્મ, મૃત્યુ ને જરાનો નાશ કરનાર છે.
- ભજન સર્વ દુ:ખોનો અચૂક ઈલાજ છે. માટે બને તેટલું ભજન કરો.
- ભજન ખૂબ કરો. એ મારી સેવા જ છે.
- સર્વથા ભજનમાં પ્રમાદ કરવો નહિ. એના જેવી શાંતિ આપનારી બીજી એકે વસ્તુ નથી.
- સર્વ સામર્થ્યનું મૂળ ભજન છે, એના વિના બીજું બધું અવધૂતને મન ઝાંઝવાનાં નીરથી યે ફીકું છે.
- ભવની ભાવટ ભાંગવા ઓષડ હરિનું નામ,
  વૈદ્ય દયાળુ સદ્‌ગુરુ, ચરી સુસંગ અકામ.
- સુધાતૃપ્તને ક્ષીરનું વૃથા પ્રયોજન જેમ,
  નામામૃતથી તૃપ્તને જ્ઞાનયત્ન પણ તેમ.

– રંગ અવધૂત

❖❖❖❖❖

